**હસમુખ પટેલ**
આઈ.પી.એસ.
**અધ્યક્ષ**

સત્યમેવ જયતે

પત્ર ક્રમાંક: [illegible]
**ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ**
કર્મયોગી ભવન, બ્લોક-૨, પાંચમો માળ,
સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
તારીખ:

તારીખ : ૦૧.૦૫.૨૦૨૩

પ્રતિ,
તમામ જિલ્લા કલેકટરશ્રી,
ગુજરાત રાજય.

વિષય : પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનાર તલાટી કમ મંત્રીની પરીક્ષાના આયોજન માટે BISAG ના માધ્યમથી તાલીમ બાબત.

---

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પંચાયત સેવા વર્ગ–૩ જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૭.૦૫.૨૦૨૩ ના રોજ ૧૨.૩૦ થી ૧૩.૩૦ કલાક દરમ્યાન રાજયના ૩૦ જિલ્લા (ડાંગ, નર્મદા અને ગીરસોમનાથ સિવાય) નિયત કરાયેલ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

ઉપરોકત પરીક્ષા પૂરતી સુરક્ષા અને તકેદારી સાથે સુચારૂરૂપે યોજાય તે હેતુસર પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષાલક્ષી કામગીરીમાં ઉપસ્થિત રહેનાર તમામ અધિકારી / કર્મચારીઓ માટે તેમજ પરીક્ષાકાર્યમાં ફરજ બજાવનાર પોલીસ કર્મચારીઓ માટે BISAG ની વંદે ગુજરાત ચેનલ નં.૮ ના માધયમથી અમારા દ્વારા તા.૦૪.૦૫.૨૦૨૩ ના રોજ ૧૬.૦૦ કલાકે તાલીમ રાખેલ છે.

દરેક વિસ્તારના નાયબ કો–ઓર્ડીનેટર, તેમના વિસ્તારમાં આવેલ પરીક્ષા કેન્દ્રોના કેન્દ્ર સંચાલક, વર્ગખંડ નિરીક્ષક, સુપરવાઈઝર તથા દરેક પરીક્ષા કેન્દ્રો ખાતે ફરજ બજાવનાર પોલીસ અધિકારી / કર્મચારીઓ એકસાથે બેસી આ તાલીમમાં ભાગ લે તથા ઓનલાઈન તાલીમ પૂર્ણ થાય બાદ નાયબ કો–ઓર્ડીનેટર દ્વારા તેઓ સાથે મિટીંગ કરી તેઓને લાગુ પડતી સૂચનાઓની ચર્ચા કરી તેમના સૂચનો મેળવી, તેમના પ્રશ્નોના જવાબ આપી તેઓને તાલીમ આપે તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

ફોન નં. : ૦૭૯ ૨૩૨ ૫૮૫૨૮

ગત સમયની જુનિયર કલાર્કની પરીક્ષા વખતે કેટલાક જિલ્લામાં આ રીતે તાલીમ ન ગોઠવાયેલાનું ધ્યાન પર આવેલ, જેના કારણે પરીક્ષાની વ્યવસ્થા પર અસર પડેલ, જે બાબત ધ્યાને લઈ જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

પરીક્ષાની સફળતા માટે દરેકે દરેક કર્મચારીની વ્યવસ્થિત રીતે તાલીમ થાય તે ખૂબ જરૂરી છે. જેથી આ બાબતે ખાસ ધ્યાન આપવા વિનંતી છે.

પોલીસ વિભાગના સુપરવાઈઝરી અધિકારીઓ, રૂટ સુપરવાઈઝર તથા પરીક્ષા સાથે સંકળાયેલ પોલીસ સહિતના અન્ય અધિકારી / કર્મચારીઓ પણ આ તાલીમ લે તેવી વ્યવસ્થા ગોઠવવા વિનંતી છે.

(હસમુખ પટેલ)
અધ્યક્ષ

નકલ રવાના :
(૧) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગુજરાત રાજય.
(૨) તમામ પોલીસ અધીક્ષકશ્રી, ગુજરાત રાજય.
(૩) તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગુજરાત રાજય.

જા.નં – ૫૯૩૨
તારીખ- 31/05/2023
શાખા- મા.૨

પ્રતિ,
તલાટી પરીક્ષામાં તા.07/05/2023ના
રોજ ફરજ બજાવેલ તમામ સ્ટાફ.

૨) ઉક્ત પત્ર અન્વયે સમયસર BISAG માં
તાલીમ લેવા બાબત --

District Education Officer
Surat. Dist. Surat.